



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫ | ૬ એપ્રિલ, ૨૦૨૧, મંગળવાર; ફાગણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# આખરે, મહારાષ્ટ્રના ગૃહમંત્રી દેશમુખનું રાજીનામું

**મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નરના લેટર બાદ ખળભળાટ : પૂર્વ કમિશ્નર પરમબીર સિંહ દ્વારા લગાવવામાં આવેલા આરોપો બાદ મહારાષ્ટ્રની સરકાર પણ દબાણમાં હતી**



મુંબઈ, તા. ૫

મુંબઈ પોલીસના પૂર્વ કમિશનરના લેટર બોમ્બ બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે ઉથલપાથલ બાદ ગૃહમંત્રી અનિલ દેશમુખે આજે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને રાજીનામું સોંપ્યું છે. પરમબીર સિંહ દ્વારા લગાવવામાં આવેલા આરોપો બાદ મહારાષ્ટ્રની સરકાર પર પણ દબાણમાં હતી.

મુંબઈ પોલીસના પૂર્વ કમિશનર પરમબીર સિંહની અરજી પર સુનાવણી કરતા આજે સોમવારે બોમ્બે હાઈકોર્ટે મહત્વનો ફેંસલો સંભળાવ્યો છે. ૧૦૦ કરોડ રૂપિયાની વસૂલીના આરોપોની તપાસ હવે સીબીઆઈ દ્વારા કરવામાં આવશે. મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખ પર લગાવવામાં આવેલ આરોપો પર બોમ્બે હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે. જોકે, સીબીઆઈ હાલ તાત્કાલિક આ મામલે તપાસ શરૂ નહીં કરે.

પરમબીર સિંહની અરજી પર ચુકાદો આપતા બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે આ મામલે એફઆઈઆર થઈ છે. પોલીસને તપાસ કરવા માટે અપીલ કરવામાં આવી હતી. કોર્ટે કહ્યું છે કે અનિલ દેશમુખ પર આરોપો લાગ્યા છે અને તે રાજ્યના ગૃહમંત્રી છે. એવામાં નિષ્પક્ષ તપાસ માટે પોલીસ પર નિર્ભર ન રહી શકાય. એટલે સીબીઆઈએ સમગ્ર કેસની તપાસ કરવી જોઈએ. બોમ્બે હાઈકોર્ટે આદેશ કર્યો કે સીબીઆઈએ પ્રાથમિક તપાસ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં કોરોનાની બીજી લહેરે વિશ્વની ચિંતા વધારી

**રસીને લઈને સરકાર પર ચારે બાજુથી દબાણ વધ્યું : પુરતી રસી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી નિકાસ ન કરવા, તો બીજી બાજુ ગરીબ દેશોએ રસી માટે ભારત પર દબાણ કર્યું**

નવી દિલ્હી, તા. ૫

માર્ચ મહિનાનો અડધો પતી ગયો, ત્યારે દુનિયાએ માનવાનું શરૂ કર્યું કે તેણે કોવિડ -૧૯ રોગચાળાથી છુટકારો મેળવી લીધો છે. તમામ સરકારોનું ધ્યાન વાયરસના ચેપને અટકાવવાથી રસીકરણ તરફ કેન્દ્રિત થઈ ગયું હતું. લગભગ દરેક દેશમાં રસીકરણની શરૂ કરવામાં આવી હતી. રસી માટે બધાની નજર ભારત પર હતી, ખાસ કરીને એવા દેશો જે રસી માટે મોટી રકમ ચૂકવવામાં અસમર્થ હતા. પરંતુ ભારતમાં કોવિડ -૧૯ ની બીજી લહેરે બધું બદલી નાખ્યું છે અને આખી દુનિયાની ચિંતા વધારી દીધી છે.



ભારતે તેના પાડોશી અને મિત્ર દેશોને રસીના લાખો ડોઝ ઉપલબ્ધ કરાવ્યા છે. પરંતુ હવે ઈન્ફેક્શન રેટને કારણે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. રસી નિકાસ કરવા માટે સરકાર ઉપર દબાણ વધવાનું શરૂ થયું. વિપક્ષે દબાણ કર્યું હતું કે જ્યાં સુધી ભારતના લોકોને રસી ન મળે ત્યાં સુધી રસી નિકાસ પર કેટલાક નિયંત્રણો લાદવા જોઈએ. આરોગ્ય પ્રધાન હર્ષવર્ધનએ સંસદમાં નિવેદન આપ્યું હતું કે ભારતીયોની જરૂરિયાતને અવગણીને રસી વિદેશમાં મોકલવામાં આવી રહી નથી, પરંતુ થોડા દિવસો બાદ નિકાસ અંગેના નિયમો કડક કરવામાં આવ્યા છે.

એસ્ટ્રેજેક્રાની રસીના તમામ મોટા એક્સપોર્ટ પર પ્રતિબંધ મૂકાયો છે. આ રસી પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા માં બનાવવામાં આવી રહી છે. આ પગલાની વિશ્વવ્યાપી અસર પડી છે કારણ કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ના કોવેક્સ પ્રોગ્રામ હેઠળ ૧૮૦થી વધુ દેશોએ રસી મળવાની હતી. જેમાંથી મોટાભાગની સપ્લાય ભારતમાંથી થવાની હતી.

# દેશમાં કોરોનાના કેસ એક લાખને પાર

**ભારતમાં રવિવારે કોરોનાના ૧,૦૩,૮૪૪ નવા કેસ નોંધાયા, જેમાંથી અડધાથી વધારે ૫૭,૦૭૪ નવા કેસ માત્ર મહારાષ્ટ્રમાં નોંધાયા છે : એક લાખથી વધુ કોરોના કેસના મુદ્દે ભારત યુએસ બાદ બીજા ક્રમે : કોરોના વાયરસની મહામારી વધારે ખતરનાક બની રહી છે**

નવી દિલ્હી, તા. ૫

કોરોના વાયરસની મહામારી વધારેને વધારે ખતરનાક બની રહી છે. ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો જે રીતે વધી રહ્યો છે તે જોતા ચિંતા વધી રહી છે. રવિવારે ભારતમાં કોરોનાના કુલ ૧ લાખ કેસ નોંધાયા છે. અમેરિકા પછી ભારત બીજો દેશ બન્યો છે કે જ્યાં કોરોનાના ૨૪ કલાકમાં ૧ લાખ કરતા વધુ નવા કેસ નોંધાયા છે.

એક અખબાર દ્વારા એકઠા કરાયેલા આંકડા પ્રમાણે ભારતમાં કોરોનાના ૧,૦૩,૮૪૪ નવા કેસ રવિવારે નોંધાયા છે. જેમાંથી અડધાથી વધારે માત્ર મહારાષ્ટ્રમાં નોંધાયા છે, અહીં ૫૭,૦૭૪ નવા કેસ નોંધાયા છે. આ પહેલા પાછલા વર્ષે ૧૭ સપ્ટેમ્બરે દેશના સૌથી વધુ કેસ ૯૮,૭૯૫ નોંધાયા હતા, જેના કરતા રવિવારે ૫૦૦૦ કેસ વધારે નોંધાયા છે.

ભારતમાં કોરોનાની બીજી લહેર ચાલી રહી છે, જેની શરુઆત લગભગ ૫૨ દિવસ પહેલા થઈ હતી, જેમાં હવે પહેલી લહેર કરતા વધુ ઊંચા કેસ નોંધાઈ રહ્યા છે. ૭ દિવસમાં સરેરાશ નોંધાતા કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. આ આંકડો ૧૧ ફેબ્રુઆરીએ ૧૧,૩૬૪ હતો જે વધીને ૪ એપ્રિલના રોજ ૭૮,૩૧૮ થઈ ગયો છે. આ ભારતના કોરોના કાળનો સૌથી મોટો ઉછાળો છે.

નવા કેસના રેકોર્ડ સાથે સોમવારે નોંધાયેલા અત્યાર સુધીના સૌથી વધુ કેસનો રેકોર્ડ પણ તૂટી ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## બે સપ્તાહમાં કોરોના હાહાકાર મચાવશે : વૈજ્ઞાનિકની ચેતવણી

નવી દિલ્હી,તા.૫

દુનિયાભરમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. આ વચ્ચે એક સંક્રમણ રોગોના અમેરિકન નિષ્ણાતે ભવિષ્યવાણી કરી છે કે આગામી બે અઠવાડિયા સુધી વૈશ્વિક સ્તર પર દરરોજ નોંધાતા કેસમાં મોટો ઉછાળો જોવા મળશે. અમેરિકન ટીવી ચેનલ એનબીસીના 'મીટ ધ પ્રેસ શૉ'માં મિનસોટા યુનિવર્સિટીના સેન્ટર ફૉર ઈન્ફેક્શિયસ ડિસીઝ રિચર્સ એન્ડ પૉલિસીમાં ડાયરેક્ટર માઈકલ ઓસ્ટરહોમે કહ્યુ કે, વૈશ્વિક સ્તર પર કોરોના મહામારીનો

● અનુસંધાન પાન-૭ પર

# આજે બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પોંડિચેરીમાં મતદાન

ન્યુ દિલ્હી,તા.૫

બંગાળ, આસામ, તામિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં ૬ એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણીના પ્રચાર પડઘમ રવિવારે શાંત થયા હતા. આ સમયગાળા દરમિયાન, બંગાળના ત્રીજા તબક્કાની ૩૧ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. આસામમાં, ત્રીજા અને અંતિમ તબક્કાના ૪૦ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે.

તમિલનાડુ, કેરળ અને પુડુચેરી માટે એક જ તબક્કામાં અનુક્રમે ૨૩૨, ૧૪૦ અને ૩૦ વિધાનસભા બેઠકો પર મતદાન થશે. બંગાળ વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં હાવડા, હુગલી અને દક્ષિણ ૨૪ પરગણાના ત્રણ જિલ્લાની ૩૧ બેઠકો માટે કુલ ૨૦૫ ઉમેદવારો મેદાનમાં છે. ૬ એપ્રિલે મતદાન થશે. આ તબક્કા માટેની સૂચના ગત ૧૨ માર્ચે જારી કરવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં હાવડાની સાત બેઠકો, હુગલી આઠ અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં ૧૬ બેઠકો છે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં, આ ૩૧ માંથી ૩૦ બેઠકો તૃણમૂલ કોંગ્રેસે કબજે કરી હતી. કોંગ્રેસે માત્ર સામાન્ય બેઠક જીતી હતી, જોકે આ વખતે હરીફાઈ મુશ્કેલ છે. ભાજપ તૃણમૂલ માટે મોટો હરીફ તરીકે ઉભરી આવ્યો છે.

## કોરોના સંદર્ભે વડાપ્રધાન આઠ એપ્રિલે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરશે

ન્યુ દિલ્હી,તા.૫

દેશમાં કોરોનાના વધતા કેસ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૮ એપ્રિલે એકવાર ફરી બધા રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરશે. રવિવારે પીએમ મોદીએ એક હાઈ લેવલ બેઠક યોજી હતી. આ બેઠકમાં કોરોના સાથે જોડાયેલા મુદ્દા અને રસીકરણ પર ચર્ચા થઈ હતી.

આ બેઠકમાં કબિનેટ સચિવ, પીએમ મોદીના મુખ્ય સચિવ, સ્વાસ્થ્ય સચિવ અને ડોક્ટર વિનોદ પોલ પણ હાજર રહ્યા હતા.

## કોરોનાના કહેરમાં સેન્સેક્સ અને નિફ્ટી ઈન્ડેક્સ કડડભૂસ

મુંબઈ, તા. ૫

દેશમાં કોરોના ચેપના કેસોમાં વિક્રમી ઉછાળો થવાથી સોમવારે શેર બજાર તૂટી પડ્યું. ટ્રેડિંગ સેશન દરમિયાન બીએસઈ સેન્સેક્સમાં ૧૪૪૯ પોઈન્ટનો ઘટાડો થયો હતો, પરંતુ માર્ચ ક્વાર્ટરના પરિણામો પહેલાં આઈટી શેરના વધારાથી રોકાણકારોને થોડી રાહત મળી હતી. સેન્સેક્સ આખરે ૮૭૦.૫ પોઈન્ટ એટલે કે ૧.૭૪ ટકાના ઘટાડા સાથે ૪૯,૧૫૯ પર બંધ થયો. નિફ્ટી પણ ૨૨૯ પોઈન્ટ એટલે કે ૧.૫ ટકાના ઘટાડા સાથે ૧૪૬૩૮ પોઈન્ટ પર બંધ રહ્યો હતો.


## હાર્દિક અભિનંદન



અમારા રાહબર સ્વ. સવજીભાઈ કોરાટ જેમના માર્ગદર્શનથી સામાજિક વિકાસને નવી ચેતના અને દિશા મળી છે.

પોતાના જીવનકાળમાં જનતાની નિસ્વાર્થ સેવા, નીડરતા અને પ્રામાણિકતા તેમજ વહીવટકુશળતા જેવા ગુણો થકી લોકહૃદયમાં 'છોટે સરદાર'નું સ્થાન મેળવનાર સ્વ. સવજીભાઈ કોરાટ સાહેબના પુત્ર શ્રી પ્રશાંતભાઈ કોરાટને ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ તરીકે નિયુક્ત થવા બદલ અમારા ખુબ ખુબ અભિનંદન તેમજ ઉજ્જ્વળ અને યશસ્વી જાહેરજીવન માટે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.

**શ્રી પ્રશાંત સવજીભાઈ કોરાટ**
પ્રમુખ
ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચો

**ગીરીશભાઈ પટેલ**
પૂર્વ પ્રમુખ, ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર મંડળ, ગાંધીનગર
મંત્રી, સરદાર પટેલ સેવા સમાજ, ગાંધીનગર

**જે. સી. પટેલ**
પૂર્વ ઉપપ્રમુખ, સરદાર પટેલ સેવા સમાજ, ગાંધીનગર
ચેરમેન - નરનારાયણ ઈન્ફ્રા. પ્રા. લી.

**દિપકભાઈ એમ. પટેલ**
કે.અશોકકુમાર શ્રોફ, ગાંધીનગર

**અશોકભાઈ શ્રોફ**
પ્રમુખ, સરદાર પટેલ સેવા સમાજ, ગાંધીનગર
ડિરેક્ટર, ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી.

**કાલીદાસભાઈ વી. પટેલ**
ચેરમેન, ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી.
પૂર્વ ઉપપ્રમુખ, સરદાર પટેલ સેવા સમાજ, ગાંધીનગર

**રમેશભાઈ કે. પટેલ**
ખજાનચી, સરદાર પટેલ સેવા સમાજ, ગાંધીનગર

**સરદાર પટેલ સેવા સમાજ પરિવાર, ગાંધીનગર**



## દુઃખદ અવસાન



અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. મહેન્દ્રસિંહજી રતનસિંહજી રાઠોડ (Dy.S.P.Retd.)

વિક્રમ સંવત ૨૦૭૭ ફાગણ વદ ૮ ને રવિવાર તા. ૪/૪/૨૦૨૧ ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.

ધર્મેન્દ્રસિંહજી મહેન્દ્રસિંહજી રાઠોડ (પુત્ર)
મો. ૯૪૨૭૮૦૧૯૦૪
ડૉ. દિગ્વીજયસિંહજી મહેન્દ્રસિંહજી રાઠોડ (પુત્ર)
મો. ૯૭૨૩૬૧૯૧૮૩
કિરીટસિંહજી મહેન્દ્રસિંહજી રાઠોડ (પુત્ર)
મો. ૯૪૦૮૩૫૯૮૩૪

રાજેન્દ્રસિંહજી રતનસિંહજી રાઠોડ (ભાઈ)
મો. ૯૪૨૬૬૧૯૧૯૧
મિલેન્દ્રસિંહજી રાજેન્દ્રસિંહજી રાઠોડ (ભત્રીજા)
હીતેનસિંહજી બળદેવસિંહજી વાઘેલા (જમાઈસા)
મનીષાબા હીતેનસિંહજી વાઘેલા (દિકરીબા)

વર્તમાન પરીસ્થિતીને ધ્યાનમાં રાખીને સદ્ગતશ્રીનું બેસણું / લૌકિક વ્યવહાર રાખેલ નથી.



FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧